SAMVAD E-JOURNAL
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 2, Issue-3, July to September: 2024
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિનું સંવર્ધક : 'લોકગુર્જરી' (વર્ષ-૨૦૨૨ના અંકો)

*સોનેજી રાધિકા એસ.,*

**સારાંશ :**

**સામયિક નિયત સમયગાળામાં પ્રગટ થતું હોય છે. જેમાં મુખ્યત્વે સાપ્તાહિક, પાક્ષિક, માસિક, દ્વૈમાસિક, ત્રિમાસિક, અર્ધવાર્ષિક, વાર્ષિક કે દ્વિવાર્ષિક હોય છે. ગુજરાતી ભાષાસાહિત્યને વેગવતું રાખનાર સાહિત્યિક સામયિકો ગુજરાતી સાહિત્યના અર્વાચીનયુગથી લઈને સાંપ્રતયુગમાં પણ પ્રકાશિત થતાં રહ્યાં છે. સામયિકોમાં જે-તે કૃતિ વિશેના વિવેચન લેખો, આસ્વાદો, સમીક્ષાઓ તથા સર્જનાત્મક કૃતિઓનો પરિચયાત્મક અભ્યાસનો સમાવેશ કરવામાં આવે છે. ગુજરાતી સાહિત્ય અકાદમી અને શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા 'લોકગુર્જરી' નામનું ત્રિમાસિક સામયિક પ્રકાશિત થાય છે. આ સામયિક લોકસાહિત્યના સંશોધન, સંપાદન અને અધ્યાપનના સંદર્ભે ઉત્તમ અભ્યાસલેખો પ્રકાશિત કરવાનું રૂડું કાર્ય કરે છે.**

- 'લોકગુર્જરી' સામયિક વિષયક :

ગુજરાતી સાહિત્ય અકાદમીના 'લોકગુર્જરી' સામયિક ઈ.સ.૧૯૬૩થી પ્રારંભે ગુજરાત રાજ્યની સાહિત્ય અકાદમી સ્થપાઈ. ત્યાં સુધીમાં માત્ર દસ અંકો પછી ઈ.સ.૧૯૮૫થી ૧૯૯૭ સુધીમાં માત્ર ત્રણ અંકો પછી ૧૯૯૮ના ચૌદમાં અંકથી નિયમિત વાર્ષિક અંકો બાદ ઈ.સ.૨૦૧૨થી ચોવીસમા અંકથી ત્રૈમાસિક રૂપે પ્રકાશિત થાય છે. આ સામયિક દ્વારા ખાસ કંઠસ્થપરંપરાની સામગ્રી પ્રસિદ્ધ કરવામાં આવે છે. 'લોકગુર્જરી'માં લોકસાહિત્ય, સંતસાહિત્ય અને ચારણી સાહિત્ય ક્ષેત્રને લગતાં વિભિન્ન અને રસપ્રદ લેખો રજૂ કરવામાં આવે છે.

- 'લોકગુર્જરી'ના વર્ષ ૨૦૨૨ના અંકો :

'લોકગુર્જરી' સામયિક વર્ષ-૨૦૨૨માં ત્રૈમાસિક સામયિક તરીકે અગિયારમું વર્ષ પૂર્ણ કરે છે. વર્ષ ૨૦૨૨માં 'લોકગુર્જરી' ના કુલ ચાર અંકો પ્રગટ થાય છે. જેમાં પ્રથમ અંક જૂન માસમાં, દ્વિતિય અંક સપ્ટેમ્બર માસમાં, તૃતીય અંક ડીસેમ્બર માસમાં અને ચતુર્થ અંક માર્ચ માસમાં પ્રકાશિત થાય છે. આ ચારેય અંકોમાં સંપાદક તરીકેની કામગીરી લોકસાહિત્ય ક્ષેત્રના પ્રખર અભ્યાસી, સંશોધક અને સંપાદક ડૉ. બળવંત જાની દ્વારા નિભાવવામાં આવે છે. વર્ષ ૨૦૨૨ના એક અંકમાં આશરે ૧૩૦ પૃષ્ઠો અને ચારેય અંકોના કુલ ૫૨૫ જેટલા પૃષ્ઠોમાં ખૂબ જ ઉપયોગી અને સંશોધનાત્મક માહિતી પ્રગટ કરવામાં આવી છે.

'લોકગુર્જરી'નો વર્ષ ૨૦૨૨ના પ્રથમ અંકમાં કુલ બે વિભાગોમાં પંદર જેટલાં લોકસાહિત્ય વિષયના અભ્યાસ લેખો આલેખાયાં છે. જેમાં પ્રથમ વિભાગને 'લોકસાહિત્ય : સિધ્ધાંત ચર્ચા અને વિવેચન' શીર્ષક અપાયું છે. જેમાં પ્રથમ લેખ અંગ્રેજી ભાષામાં ડૉ. રાજેન્દ્ર મહેતા દ્વારા રજૂ થયો છે. આ લેખ 'The Description of Food, Food Grains and Customs in Indian Folklore' નામે વર્ણવાયો છે. આ સિવાય 'ચણતાં પક્ષીઓ'નો મોટિફ, ગુજરાતમાં મેઘાણી પૂર્વે થયેલાં લોકસાહિત્યના સંશોધનો, 'સોરઠી બહારવટિયા'માં પ્રગટતા જીવનમૂલ્યો, વંચિત વીરોની વંદના, વિજોગી દલની વાતુ, ગુજરાતી લોકગીતોના આસ્વાદ, ગીરના માલધારીઓમાં ગવાતાં લગ્નગીતો

અને લોકગીત - ગુંજન મણકો-૧૬ના વિષય સંદર્ભે વિભિન્ન અભ્યાસ લેખો, સચોટ સુરેખ અને વર્ણનાત્મક શૈલીમાં પ્રગટ થયાં છે. દ્વીતિય વિભાગ 'લોકસાહિત્ય: અન્ય કળાઓ અને સંસ્થાવિમર્શ' નામે ઉલ્લેખાયો છે. જેમાં ઉત્તર ભારતનું લોકનૃત્ય અને શાસ્ત્રીય નૃત્યનો તુલનાત્મક અભ્યાસ, સોરઠી ભજનમાં રામગરી, સવાલ-જવાબી દોહરાઓ, શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રનો પરિચય અને પ્રદાન વગેરે લેખોની સાથે સંત રૈદાસ, રવિદાસ અને લોકસંગીતકાર પ્રાણલાલ વ્યાસ વિષયક અભ્યાસલેખો રજૂ થયાં છે.

'લોકગુર્જરી'નો વર્ષ-૨૦૨૨નો દ્વીતિય અંક કંઠસ્થ પરંપરાના સંતસાહિત્ય, જન જાતીય લોકકથા સાહિત્ય અને લોકગીત સાહિત્ય સંદર્ભે કુલ નવ સંશોધન લેખો પ્રગટ કરે છે. અહીં ગુજરાતી સંતવાણીમાં શંકરાચાર્ય કથિત અદ્વૈતનું નિરૂપણ, ગુજરાતી સંતસાહિત્ય સ્વરૂપવિચાર: પ્રશ્નો અને પડકારો તથા ઈસમાઈલી મહિલાસંત અજાનબીબીની પદરચના જેવાં સંતસાહિત્ય વિષયક લેખો નિરૂપાયાં છે. લોકસાહિત્ય ક્ષેત્રમાં ઉત્તર ગુજરાતના આદિવાસી લોકસાહિત્યનું વિહંગાવલોકન, 'ચંદન-મેળાગરી' લોકકથા, ઉત્તર ગુજરાતના લોકગીતો, મંડપરોપણ અને કન્યાવિદાયના લોકગીતો, કંઠસ્થપરંપરાના સાહિત્યનું સ્મુધ્ધારક સામયિક 'શબ્દસૃષ્ટી'ના બે દાયકા અને લોકગીત-ગુંજન મણકો-૧૭ના સંદર્ભમાં અભ્યાસીઓ દ્વારા અભ્યાસલેખો રજૂ થયાં છે.

'લોકગુર્જરી' સામયિકનો વર્ષ-૨૦૨૨નો તૃતિય અંક ડિસેમ્બર માસમાં પ્રકાશિત થાય છે. અહીં કુલ ત્રણ વિભાગમાં પંદર જેટલા સંશોધનાત્મક લેખો દર્શાવાયાં છે. જેમાં પ્રથમ વિભાગ 'લોકપ્રસ્તુતિદર્શન'માં રામલીલા પ્રસ્તુત- ઉત્તર ગુજરાતના મીર અને તૂરી બારોટ, ગરી જાતિ દ્વારા પ્રસ્તુત મરસિયાં, ગુજરાતના મીર સમાજનાં લગ્નગીતોની પ્રસ્તુતિ, 'ઓખામંડળના વાઘેરોનું લોકસાહિત્ય' નામનો શોધનિબંધ વિષયક લેખો નિરૂપાયાં છે. 'સંત દર્શન' નામના દ્વીતિય વિભાગમાં સંતવાણીમાં જીવનમૂલ્યબોધ પીરઉપાસક ઝબૂબાઈની રચના, સૂફીસંત દર્શીબાવાની કાવ્યરચનાઓ ઘટસ્ફોટ -એક નોંધ જેવાં લેખો રજૂ થયાં છે. તૃતિય વિભાગમાં 'વંચિત-જનજાતીય દર્શન' શીર્ષક હેઠળ સાત લેખો પ્રસ્તુત થયાં છે. જેમાં એક અંગ્રેજી લેખ "The Karbis Of Assam : tribe, tradition and territory અને એક હિન્દી લેખ "राजस्थानी लोकसाहित्य के सन्निष्ठ शोधकर्ता : शक्तिदान कविया" નામે પ્રગટ થયો છે. આ સિવાય વઢિયાર પંથકનું લોકનૃત્ય, વંચિત સમાજના લગ્નગીતોમાં વૃક્ષોનું નિરૂપણ, રણલોકસાહિત્ય- લોકકથા, હાલરડાં, લોકગીત- ગુંજનમણકો-૧૮ જેવાં અભ્યાસલેખો 'લોકગુર્જરી'ને સમૃધ્ધ બનાવે છે.

'લોકગુર્જરી'ના વર્ષ-૨૦૨૨ના ચતુર્થ અંકમાં કુલ ત્રણ વિભાગોમાં તેર જેટલાં લેખો પ્રકાશિત કરવામાં આવ્યા છે. જેમાં પ્રથમ વિભાગ 'લોકસાહિત્ય અને વિવિધ વિદ્યા' શીર્ષક હેઠળ નિરૂપાયો છે. અહીં ડૉ. રાજેન્દ્ર મહેતાનો પ્રથમ લેખ 'The Descriptions of Health and Hygiene in Indian Folklore' નામે રજૂ થયો છે. આ સિવાય મેઘાણી અનુકાલીન લોકકથા સંપાદનો, જેઠાલાલ ત્રિવેદીનું કોશસંપાદનકાર્ય, લોકસાહિત્યની વિભાવના, લક્ષણો અને પ્રકારો, લોકસાહિત્યમાં નિરૂપિત ગીરનું પ્રાકૃતિક સૌન્દર્ય અને સંશોધક શ્રી અમૃત પટેલ વિષયક અભ્યાસ લેખો પ્રસ્તુત થયાં છે. દ્વિતીય વિભાગ 'લોકસંગીત અને સંસ્કૃતિ'માં લોકઢાળ, સ્વરાંકન અને સ્વર નિયોજન, લોકસંગીત અને શાસ્ત્રીય સંગીતનો તુલનાત્મક અભ્યાસ દક્ષિણ ગુજરાતના હાલરડાં અને લોકસંસ્કૃતિ વિભાવના વિમર્શ આદિ જેવાં લેખો સામયિકને લોકસંસ્કૃતિનું ધોતક બનાવે છે.

તૃતિય વિભાગ 'સંત સાહિત્ય અને વિવિધ રૂપો'માં સંતવાણી અને જીવનમૂલ્યો, ઈસમાઈલી સંત કવયિત્રી ઈમામ બેગમની રચનાઓ સાહેબપરંપરાનું નાદાનુસંધાન જેવાં વિભિન્ન લેખો મુકાયાં છે.

'લોકગુર્જરી'ના વર્ષ-૨૦૨૨ના આ ચર્તુથ અંકોમાં ડૉ. બળવંત જાની, ડૉ. જે.એમ.ચંદ્રવાડિયા, ડૉ. નિરંજન રાજ્યગુરુ, ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ, ડૉ. પ્રતિભા પંડ્યા, ડૉ. અંબાદાન રોહડિયા, ડૉ. રાજેન્દ્ર મેહતા, ડૉ. અમૃત પટેલ, ડૉ. હસમુખ વ્યાસ, ડૉ. કૌશિકકુમાર પંડ્યા, ડૉ. ભરત પટેલ, ડૉ. દધીચિ ઠાકર જેવાં અનુભવી અધ્યાપકશ્રીની

સાથે ભીખાભાઈ દેસાઈ, નિરૂપા ટાંક, ખ્યાતી મેર, દિનેશ માવલ, જીજ્ઞેશકુમાર રાઠોડ, ચંદ્રકાંત પટેલ, ડૉ. મુકેશપુરી સ્વામી, હયાતી વૈદ્ય, ભૂમિ પ્રજાપતિ, ડૉ. આશા ગોહિલ જેવાં નવોદિત અભ્યાસુઓનાં લેખોને પણ સ્થાન મળ્યું છે.

આમ, 'લોકગુર્જરી' સામયિકનાં વર્ષ-૨૦૨૨ના ચતુર્થ અંકોમાં લોકસાહિત્ય ક્ષેત્રના સંશોધન, અધ્યયન અને સંપાદનના મહત્ત્વલક્ષી અને અભ્યાસકીય લેખો પ્રગટ થયાં છે.

- ઉપસંહાર :

'ગુજરાત લોકસાહિત્ય સમિતિ' દ્વારા શરૂ થયેલ 'લોકગુર્જરી' સામયિક ૧૪માં અંકથી 'ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત થાય છે. ત્યારબાદ 'શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, રાજકોટ' શરૂ થવાથી આ સામયિક આ કેન્દ્રનું મુખપત્ર બની રહે છે. અભ્યાસીઓ પાસે આમંત્રણ આપી તેમજ નવોદિતોને આ ક્ષેત્રમાં રસ લેતા કરીને તેમના અભ્યાસ લેખો આ સામયિકમાં પ્રગટ કરવામાં આવે છે. કંઠસ્થપરંપરાની ત્રિવિધધારા લોકસાહિત્ય, સંતસાહિત્યઅને ચારણી સાહિત્યના વિભિન્ન પ્રકારના અને અથાક અભ્યાસલેખોને કારણે આ સામયિક લોકસંસ્કૃતિ અને લોકસાહિત્યનું અભિન્ન અંગ સાબિત થાય છે. સાચા અર્થમાં આ સામયિક લોકસંસ્કૃતિનું જતન, વિકાસ અને સંવર્ધન કરતું મુખ્ય પરિબળ બની રહે છે.

- સંદર્ભગ્રંથો :

(૧) 'લોકગુર્જરી', સં-ડૉ. બળવંત જાની, પ્રથમ અંક-જૂન-૨૦૨૨.

(૨) 'લોકગુર્જરી', સં-ડૉ. બળવંત જાની, દ્વિતીય અંક- સપ્ટેમ્બર-૨૦૨૨.

(૩) 'લોકગુર્જરી', સં-ડૉ. બળવંત જાની, તૃતિય અંક-ડિસેમ્બર-૨૦૨૨.

(૪) 'લોકગુર્જરી', સં-ડૉ. બળવંત જાની, ચતુર્થ અંક-૨૦૨૨.